# શહેરમાં મોસમની સૌથી વધુ ઠંડી : પારો ૧૦.૯

## ગાંધીનગરમાં એક જ દિવસમાં ૨.૨ ડિગ્રી પારો ગગડ્યો : ઠંડીનું જોર વધતા ગાંધીનગરાઓ ઘરમાં પુરાયા

ગાંધીનગર, તા. ૨૭

છેલ્લા એક સપ્તાહથી ગાંધીનગરમાં ઠંડીનું જોર વધી રહ્યું છે. જેને પરિણામે રેકોર્ડ બ્રેક ઠંડીનો અનુભવ નગરવાસીઓ કરી રહ્યા છે. તેની સાથે સાથે છેલ્લા એક સપ્તાહથી રાજ્યનું સૌથી ઠંડુ શહેર પણ ગાંધીનગર બની રહ્યું છે. રવિવારે નગરનું લઘુત્તમ તાપમાન ૧૦.૯ ડિગ્રી રહ્યું હતુ જ્યારે મહત્તમ તાપમાન ૩૦.૧ ડિગ્રી રહ્યું હતું. જ્યારે શનિવારે નગરનું લઘુત્તમ તાપમાન ૧૩.૩ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૦.૮ ડિગ્રી નોંધાયુ હતુ. આમ એક જ દિવસમાં ઠંડીનો પારો ૨.૨ ડિગ્રી ગગડ્યો છે. જેથી નગરનું હવામાન ઠંડુગાર બની ગયું છે. શહેરના વાતાવરણમાં ભેજનુ પ્રમાણ સવારે ૭૦ ટકા અને સાંજે ૪૫ ટકા નોંધાયુ હતુ. શહેરના દિવસ અને રાતના તાપમાનમાં ડબલ કરતાં પણ વધુ તફાવત નોંધાઈ રહ્યો છે. જેમાં શહેરીજનો પણ રવિવારની રજામાં તિબેટીયન બજારોમાંથી ગરમ કપડાંની ખરીદી કરતાં જોવા મળ્યા હતા. રજાના કારણે તિબેટીયન બજારોમાં જમાવટ રહી હતી.

નગરમાં ઠંડીનું મોજું દિવસે ને દિવસે વધી રહ્યું છે. રાત્રી દરમ્યાન ધુમ્મસભર્યુ વાતાવરણ જોવા મળી રહ્યું છે. ગાંધીનગરમાં અન્ય શહેર કરતા વધારે ઠંડી પડે છે. જેમાં ગાંધીનગરાઓ ઠંડીના મોજામાં ઠુંઠવાઈ જાય છે. ગાંધીનગરાઓને ઠંડીના ચમકારાએ ધ્રુજાવ્યા છે. હજી પણ નગરમાં તીવ્ર ઠંડીનો અનુભવ થશે.

શહેરમાં હાલમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે. રાજકીય પક્ષો પ્રચારમાં વ્યસ્ત છે. જેના લીધે શહેરમાં રાજકીય ઉત્તેજના પણ પ્રબળ બની છે. રાજકીય ગરમાવા વચ્ચે મોસમના મિજાજ પણ બદલાઈ રહ્યો છે. છેલ્લા બે ત્રણ દિવસથી ઠંડીનો પારો ઉંચકાઈ રહ્યો છે. જ્યારે ગરમીનું પ્રમાણ ધીમે ધીમે ઘટી રહ્યું છે. શહેરમાં અત્યાર સુધી સિઝનની મહત્તમ ઠંડી રવિવારે નોંધાઈ હતી. જેમાં વહેલી સવારથી સાંજ બાદ ઠંડીનો ચમકારો અસહ્ય બની રહ્યો છે. ઠંડીનું જોર વધતા મોડી સાંજ બાદ શહેરના જનજીવનમાં પણ અસર જોવા મળે છે.





# અમીત શાહે અચાનક સેકટર-૨૧ કમલમ્‌માં બે કલાક સમીક્ષા કરી

ગાંધીનગર, તા. ૨૭

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ આજે એકાએક સાંજે ૪.૪૫ના સુમારે ગાંધીનગર સે. ૨૧ના કમલમ્ કાર્યાલય ખાતે આવી પહોંચ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી અને ગાંધીનગરના સાંસદ અમીત શાહે ગાંધીનગર સે. ૨૧ના કાર્યાલય ખાતે ગાંધીનગર (ઉ), ગાંધીનગર (દ) અને માણસા બેઠકના અપેક્ષિત આગેવાનોને બેઠક માટે બોલાવ્યા હતા.

તેમણે આ ત્રણેય બેઠકોના આગેવાનો સાથે બેઠકો પર ચાલી રહેલ પ્રચાર અભિયાનની સમીક્ષા કરી હતી એટલુ જ નહિ પ્રવર્તી રહેલી રાજકીય સ્થિતિની પણ સર્વગ્રાહી સમીક્ષા કરી આગેવાનોને જીતનો મંત્ર આપ્યો હતો. તેમણે ગત ચૂંટણીમાં નબળા રહેલા બુથો, મતદાન વધુ થાય તે માટે તેમજ મતદાન મથકો પ્લસમાં રહે તે માટે ખાસ સૂચનાઓ આપી હતી. તેમણે આગેવાનોને કેટલાક બુથોની જવાબદારી સોંપી હોવાનું પણ જાણવા મળેલ છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ ત્રણેય બેઠકના આગેવાનો સાથે અલગ-અલગ બેઠક કરી સમીક્ષા કરી હતી અને આગેવાનોને જીતનો મંત્ર આપ્યો હતો. ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠક પર કમળ ખીલવવા માટે ભાજપે આ વખતે એડીચોટીનું જોર લગાવ્યુ છે. ગૃહમંત્રીએ સંગઠ્ઠનને પણ પુરી તાકાત લગાડવા માટે આગ્રહ કર્યો હતો. મતદાન અને પ્રચાર અભિયાનમાં હવે માંડ એક સપ્તાહથી પણ ઓછો સમય બચ્યો છે ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રીએ આજે બે કલાકથી પણ વધુ સમય કમલમ્ સે. ૨૧ ખાતે વિતાવ્યો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહની આ મુલાકાતે પાટનગરમાં જ નહિ પણ સમગ્ર જિલ્લાના રાજકીય વર્તુળોમાં ચર્ચાનો મુદ્દો બની છે. મળતી વિગતો પ્રમાણે દરેક બેઠક પરથી ૧૫ થી ૨૦ જેટલા આગેવાનોને જ ચર્ચા માટે બોલાવ્યા હતા.

# હજુ, મતદારોનું અકળ મૌન સૌને સતાવે છે

## માણસા બેઠક પર વિજયની સરસાઈ કરતાં નોટાને વધુ મત હતા, નોટાનો અમલ કરવાના નિર્ણય પછી દેશમાં તેના ઉપયોગમાં ગુજરાત બીજા ક્રમે

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીનું પ્રચાર-અભિયાન ચરમસીમાએ પહોંચ્યુ છે પણ મતદારોની નિરસતાએ રાજકીય પક્ષોની મુંઝવણમાં વધારો કર્યો છે.

રાજકીય પક્ષ અને ચૂંટણીપંચ બન્નેએ આ વખતે વધુ મતદાન થાય તે માટેની વ્યુહરચનાઓ તૈયાર કરી છે. જો કે રાજકીય પક્ષોને નોટાનું બટન મતદારો ના દબાવે અને તેમની તરફેણમાં મતદાન કરે તેને લઈ ચિંતીત છે.

૨૦૧૭ના ચૂંટણી જંગમાં ૫.૫૧ લાખ મત નોટાને પડ્યા હતા. નોટાના જંગી મત દર્શાવે છે કે રાજકીય પક્ષોએ વધુ સારા ઉમેદવારોની પસંદગી કરવાની જરૂર છે.

નોટામાં પડેલા મતોએ રાજકીય પક્ષના કે અપક્ષ ઉમેદવારોથી મતદારો કેટલા કંટાળેલા છે તે દર્શાવે છે. નોટાનો વિકલ્પ આ વખતના જંગમાં પણ મતદારો અપનાવશે નહિને તેને લઈ સૌની ધડકનો વધી જવા પામી છે.

કેટલાક પક્ષ અને ઉમેદવાર સામે સોશ્યલ મિડિયામાં જે મતદારો રોષ ઠાલવી રહ્યા છે તે જોતાં મતદારો આ વખતે પણ નોટાનું બટન દબાવે તો નવાઈ નહિ તેવી વાતો રાજકીય ગલિયારીઓમાં ચિંતા સાથે ચર્ચાઈ રહી છે.

૨૦૧૭ની ચૂંટણીમાં રાજ્યમાં ૩૩ બેઠકો એવી હતી કે જેમાં ફક્ત પાંચ હજાર કે તેથી ઓછા મતથી હારજીત થવા પામી હતી. નોટાનો મત કોઈપણ ઉમેદવારની વિરૂદ્ધમાં બાજી બગાડી શકે છે.

હાલ પક્ષોના ટોચના નેતાઓની સભામાં મતદારો ઓછી સંખ્યામાં આવે છે અને મોટા પ્રમાણમાં ખુરશીઓ ખાલી રહે છે તે મતદારની નારાજગી દર્શાવે છે.

કમિટેડ મતદાર અન્ય ઉમેદવારને મત આપવા ન માગતો હોય પણ તે નોટાને મત આપીને પોતાનો રોષ વ્યક્ત કરી શકે છે. આ વિકલ્પ આ જંગમાં પણ મહત્વની ભૂમિકા ભજવશે કે કેમ તેની ચર્ચાઓ સાંભળવા મળી રહી છે.

ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠક પર ૧૬,૯૮૪ મત નોટાને મળ્યા હતા. ગાંધીનગર જિલ્લામાં

● અનુસંધાન પાન-૭ પર

## આજે ગાંધીનગર દક્ષિણ બેઠકના કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર ડો.હિમાંશું પટેલ સાથેનો સીધો સંવાદ

# હું કોઈ નેતા અભિનેતા નથી.... અહીંનો દીકરો છું...મતદારોના આર્શીવાદ મને ચોકક્સ મળશે : ડો હીમાશુ પટેલ

**ગાંધીનગર દક્ષિણની બેઠક પર ચુંટણી લડતા કોંગ્રેસના ઉમેદવાર ડો હીમાશુ પટેલ આજકાલ ભારે ચર્ચામાં પણ છે તેમનો અંદાજ અને મિજાજ પણ કાંઇક જુદો છે...મારે ફાર્મ હાઉસ બનાવાનુ નથી , ભ્રષ્ટાચાર કરવાનો નથી. છેલ્લા ત્રણ દાયકાથી ધારાસભ્યની જેમ જ જીવન જીવુ છું..મારા વિસ્તારના મતદારો મને પરિવારનો જ માને છે : મને મત આપશે : ખેડુતોને કોઇ ઉધોગપતિથી નુકશાન ન થાય તે માટે પણ લડત આપીશ : ગામો કોર્પોરેશનમાં ભળ્યા પણ સુવિધા મળથી નથી : બેરોજગારી, શિક્ષણ સહીત પાણી ગટરના પ્રશ્નો પણ હલ કરવાના છે**

ગાંધીનગર તા ૨૭

હું કોઈ નેતા અભિનેતા નથી...આ મારો વિસ્તાર છે...અહીનો દીકરો છું. મતદારો મને મત આપશે... એક ગામડાનો સામાન્ય માણસ છું... શિક્ષિત છું...એલ એલ એમ પી એચ .ડી સુધી અભ્યાસ કર્યો છે. વિદ્યાર્થી નેતા તરીકે પણ કામ કર્યા છે. ખેડુતોને કાનુની રાહે સતત માર્ગદર્શન આપ્યુ છે. . હાલ જે છું..એટલી સફળતાને પણ મારા જીવનમાં મોટી માનુ છુ. મારે ભ્રષ્ટાચાર કરવો નથી ફાર્મ હાઉસ બનાવાનુ નથી... છેલ્લા ત્રણ દાયકાથી ધારાસભ્યની જેમ જ રહુ છુ...મતદારો મને પોતાનો સમજે છે. મત આપશે.... હાલ પણ વિસ્તારમાં પ્રચાર માટે જાઉં છુ ત્યારે બાધાનાો પારિવારિક આવકાર મળે છે. ગાંધીનગર દક્ષિણની બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ડો હીંમાશુ પટેલ જણાંવે છે કે ગાંધીનગર અમદાવાદ વચ્ચેનો દક્ષિણ વિધાનસભાનો વિસ્તાર ભૌગોલિક દ્રષ્ટીએ ખુબ અટપટો છે. મહેનત ઘણી કરવાની છે. ગામડાઓ શહેરમાં ભળ્યા પણ શહેર સમકક્ષ સુવિધાઓ મળતી નથી. સ્થાનિકોના પ્રશ્નો પણ ઘણાં છે જેને ઉકેલવાના છે.

**આપણા ઉમેદવારને ઓળખો..**

ગાંધીનગર દક્ષિણની બેઠકમાં ઉમેદવાર તરીકે તમારી લાયકાત ..

ચુંટણી લડવા માટે છેલ્લા બે ટર્મથી લાયકાત ધરાવતો હતો સંજોગોવશાત ટીકીટ મળી ન હતી.જો કે હું પાર્ટીને સમર્પિત છુ. છેલ્લા ૩૨ વર્ષથી કોંગ્રેસમાં કાર્યરત છુ. યુનિવર્સિટીમાં સિંડીકેટ મેમ્બર તરીકે પણ કામ કર્યુ છે. ઘણાંને મદદ કરી છે. વર્ષ ૨૦૦૨ માં અમિત શાહ સામે ચુંટણી લડયો હતો નાગરિક બેંકમાં ડીરેકટર છુ. એલ એલ એમ પી એચ ડી સુધી અભ્યાસ કર્યો છે. હાલ હાઈકોર્ટમાં પણ વકીલ તરીકે પણ કામ કરી ખેડુતોને ન્યાય મળે તે માટે લડત આપુ છું. સ્થાનિકો પ્રચાર દરમિયાન પરિવારના સભ્યની જેમ



● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં રવિ સીઝનની વાવણી ૫૦ ટકા સંપન્ન

## ચણા, શાકભાજી અને બટાટાનું વાવેતર વધ્યુ : ઘઉંના વાવેતરમાં ધીમી ગતિ : ગાંધીનગર-માણસા વાવેતરમાં અગ્રેસર

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનનું વાવેતર ૫૦ ટકાથી વધુ થયુ છે. જિલ્લામાં રવિ સીઝનના વાવેતર માટે સાનુકૂળ વાતાવરણ બની રહ્યુ હોવાથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં આ વખતે રવિ સીઝનની પાક પેટર્નમાં બદલાવના સંકેતો ગત સપ્તાહે મળ્યા હતા અને તે આ સપ્તાહે પણ જોવા મળી રહ્યા છે. ખેડૂતો રોકડિયા પાક તરફ વધુ વળ્યા છે. ઘઉંનું બિયારણ થોડુક મોંઘુ છે તેમજ જે રીતે વરસાદના દિવસો વધુ નોંધાયા તેમ ઠંડીના દિવસો પણ આ વખતે વધશે તેવી વાતો ખેડૂતોમાં થતી સાંભળવા મળી રહી છે.

જિલ્લામાં રવિ સીઝનનું વાવેતર ૩૬,૭૨૫ હેક્ટરમાં નોંધાયુ છે. છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ જોઈએ તો વાવેતર ૦૦ થી ૭૨ હજાર હેક્ટરમાં નોંધાતુ રહ્યુ છે. જિલ્લામાં ગાંધીનગર અને માણસા તાલુકામાં ૧૨-૧૨ હજાર હેક્ટર કરતાં વધુ વાવેતર નોંધાયુ છે. દહેગામમાં ૬૪૯૬ હેક્ટર તો કલોલમાં સૌથી ઓછી ૪૮૮૧ હેક્ટર નોંધાયુ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ઘઉંનું વાવેતર ૯૫૯૩ હેક્ટરમાં, ચણાનું વાવેતર ૬૫૧ હેક્ટરમાં, રાઈનું વાવેતર ૧૪૧૯ હેક્ટરમાં, તમાકુનું વાવેતર ૧૯૮૯ હેક્ટરમાં, વરિયાળીનું વાવેતર ૪૩૧ હેક્ટરમાં, બટાટાનું વાવેતર ૮૩૩૦ હેક્ટરમાં, શાકભાજીનું વાવેતર ૪૦૮૦ હેક્ટરમાં તેમજ મુંગા પશુધન માટે ઘાસચારાનું વાવેતર ૧૦ હજાર હેક્ટરમાં નોંધાયુ છે.

બટાટા અને શાકભાજીના ભાવ બજારમાં સારા હોવાથી આ બે પાકોના વાવેતરમાં ગતિ આવી છે. ઘઉંના પાકની વાવણી થોડીક ધીમી ચાલી રહી છે જો કે ડિસેમ્બરમાં તેનુ વાવેતર વધશે તેમ મનાઈ રહ્યુ છે. વરિયાળી અને તમાકુના વાવેતરમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. જો કે ચણાની ખેતી આગામી દિવસોમાં વધે તેવા સંકેતો મળી રહ્યા છે.

જિલ્લામાં ચોમાસામાં ગાંધીનગર અને માણસામાં વરસાદની ઘટ રહી હોવા છતાં વાવેતરમાં આ બે તાલુકા અગ્રેસર રહ્યા છે. ખેડૂતોએ આ વખતે વાવેતરમાં નવા પ્રયોગો કરવાનું ટાળ્યુ છે. જો કે બાગાયતી ખેતીમાં તેમજ શાકભાજીના પાકોના વાવેતર વિસ્તારમાં વધારો થશે તેમ મનાઈ રહ્યુ છે.



નહી વરસાદ કે નહી ઝાંપટુ... તેમ છતાં ક-૫ સર્કલ પાસે મસમોટો ભૂવો પડ્યો છે. ગટરલાઈન, પાણીની લાઈન કે અન્ય વિકાસકાર્યો માટે ઠેર ઠેર ખોદવામાં આવેલા ખાડાઓનું પુરાણ યોગ્ય રીતે થયુ ન હોવાથી વગર વરસાદે ભુવાઓ પડી રહ્યા છે. આ ભુવાઓ આવતા-જતા વાહનચાલકો માટે જોખમી પુરવાર થઈ રહ્યા છે.

## આંબે આવ્યા મ્હોર...



ઉનાળાની કાળઝાળ ગરમીમાં રસ ઝરતી કેરીની મજા માણવી સૌને ગમે છે. વર્ષમાં એક જ વાર આવતી કેરી ખૂબ જહેમત બાદ તૈયાર થાય છે. કુદરતની રચના જ એવી છે કે જેમ વધુ ઠંડી પડે તેમ ઉનાળે વધુ કેરી પાકે... આ વર્ષે શિયાળાની શરૂઆત વહેલી થઈ ગઈ હોવાથી આંબે મોર પણ વહેલા આવી ગયા છે. એક સમયે આંબાવાડિયુ કહેવાતા ગાંધીનગરમાં હવે ગણ્યા ગાંઠ્યા આંબા રહ્યા છે. આ ગણ્યાં ગાંઠ્યા આંબાઓ પર મોર આવવાનું શરૂ થઈ ચૂક્યુ છે. ભરપૂર શિયાળો કેરીના વધુ પાકની આગાહી આપી રહ્યા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com